૧૩૯૯

અનુસૂચિતજાતિ, અનુસૂચિતજનજાતિના મેડીકલ
ડીગ્રી ધરાવતા વિદ્યાર્થીઓને ડોકટરનો સ્વતંત્ર
વ્યવસાય શરૂ કરવા માટે લોન સહાય આપવાની
યોજના.
o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o

ગુજરાત સરકાર

મજુર સમાજ કલ્યાણ અને આદિવાસી વિકાસ
✓ વિભાગ ઠરાવ નં. એસસીડબ્લ્યુ-૧૧૭૫/૨૪૩૬(૭૭)-જ
સચિવાલય ગાંધીનગર. તા. ૧૮-૭-૭૭.

વંચાણમાં લીધો:- ૧: શિક્ષણ અને મજુર વિભાગનો ઠરાવ નં. એસસીડબ્લ્યુ-૧૧૭૫-૭૨૯૪૪(૭૬)-જ તા. ૧૫-૭-૭૬

૨: મજુર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવ નં. એસસીડબ્લ્યુ-૧૧૭૫-૯૫૦૫૮(૭૬-જ) તા. ૧૯-૮-૭૬

૩: મજુર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ ના ઠરાવનં. એસસીડબ્લ્યુ-૧૧૭૬-૮૨૬૫૭(૭૬)-જ તા. ૧-૯-૭૬

૪: નિયામક, શ્રી સમાજ કલ્યાણ ખાતુ, ગુજરાત રાજ્ય અમદાવાદના પત્ર નંબર- અપલ- મેડીકલ-૭૦૨ તા. ૩-૫-૭૭

ઠ રા વ

અનુસૂચિતજાતિ અનુસૂચિતજનજાતિના પછાતવર્ગના લોકોમાં [illegible] (ફ-૨૪) ના મેડીકલ ડીગ્રી ધરાવતા વિદ્યાર્થીઓને ડોકટરનો સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવા માટે લોનસહાય આપવા માટેની યોજના ઉપર જણાવેલ ઠરાવોથી મંજુર કરવામાં આવેલ છે.

૨: આ યોજના અન્વયે લોન સહાય મંજુર કરવાના નિયમોમાં નિયમ-૧૨ પછી નીચેનો નિયમ ઉમેરવાનું આથી ઠરાવવામાં આવે છે.

"(૧૩) આ યોજના હેઠળ લોન-સહાય મેળવવા માટેની અરજી કરનાર અરજદારે આ સાથે જોડેલ પરિશિષ્ટ 'ય' માં જણાવેલ સોગંદનામુ રજુ કરવાનું રહેશે."

૩: આ ઉપરાંત અરજીપત્રક સાથેની (પરિશિષ્ટ-૧) નોંધમાં અનુક્રમ ૫ પછી અનુક્રમ નીચે જણાવેલ સુચના પણ ઉમેરવી.

"અરજદારે પોતાનું સોગંદનામુ પરિશિષ્ટ 'ય' માં જણાવ્યા પ્રમાણે રજુ કરવાનું રહેશે."

૪: સમાજ કલ્યાણ નિયામકશ્રી ગુજરાત રાજ્ય અમદાવાદ ને જણાવવાનું કે આ યોજના નીચે લોન સહાય આપવા માટે જે અરજદારોને દર વર્ષે પસંદ કરવામાં આવે તેની યાદી તથા તેના અરજીપત્રકો તેમજ અન્ય અરજદારોની યાદી અને અરજીપત્રકો સરકારશ્રીની પુર્વ મંજુરી માટે આ વિભાગને અચુક મોકલવા આથી સુચના આપવામાં આવે છે. સરકારશ્રીની મંજુરી મેળવ્યા બાદજ તે તે અરજદારોને લોન- સહાય આપવાના હુકમો તેઓ શ્રી એ કરવાના રહેશે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલ ના હુકમથી અને તેમના નામે,

(ડી. જે. રાઠોડ)
સેકશન અધિકારી
મજુર સમાજ કલ્યાણ અને આદિવાસી વિકાસ
વિભાગ.